RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 76 Date: 06.01.2024 Saturday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# દેશમાં કોરોનાએ ૨૪ કલાકમાં લીધા ૧૨ના જીવ

નવીદિલ્હી,તા.૫

દેશમાં વધી રહેલા કોરોનાના કેસથી કેન્દ્ર અને રાજ્ય સરકારોનું ટેન્શન વધારી દીધુ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ દેશમા છેલ્લા ૨૪ કલાકમાં ૭૬૧ કેસ નોંધાયા છે જ્યારે કોરોનાથી ૧૨ લોકોએ જીવ ગુમાવ્યો છે, જો કે એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૪૩૩૪ થઈ ગઈ છે.

ભારતમાં કોરોનાના કેસ ફરી વધવા માંડ્યા છે જેમાં સૌથી ખરાબ સ્થિતિ કર્ણાટક રાજ્યની છે જ્યાં ગઈકાલે ૨૯૮ નવા કેસ નોંધાયા હતા જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૪ લોકોના મોતના સમાચાર છે, આ સાથે ચિંતાજનક બાબત એ છે કે કોરોનાનો પોઝિટિવ દર પણ ૩.૪૬ ટકાથી વધીને ૩.૮૨ ટકા થયો હતો. આ સિવાય વધુમાં આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર કર્ણાટકમાં ૨૯૮ કેસમાંથી એકલા ૧૭૨ કેસ બેંગલુરુના છે જ્યારે હસન જિલ્લામાં ૧૯, મૈસુરમાં ૧૮ અને દક્ષિણ કન્નડમાં ૧૧ કેસ નોંધાયા છે. જો કે દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૪૩૩૪ થઈ ચૂકી છે. કર્ણાટક બાદ મહારાષ્ટ્રમાં પણ ચિંતાજનક રીતે કેસ વધી રહ્યા છે અને ગઈકાલે કોરોનાના નવા વેરિયન્ટ જેએન.૧ના ૭૮ કેસ નોંધાય હતા જ્યારે અહીં અત્યાર સુધીમાં કુલ ૧૧૦ કેસ નોંધાયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૧૭૧ નવા કેસ નોંધાયા છે.



ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ૫ ડિસેમ્બર સુધી રોજિંદા કેસની સંખ્યા ઘટીને બેવડા અંકોમાં આવી ગઈ હતી જોકે કોરોનાનો નવો વેરિયન્ટ મળ્યા બાદ ફરી કેસમાં વધારો થવા લાગ્યો. જ્યારે કોરોના વાયરસની મહામારી ચરમ પર હતી ત્યારે દરરોજ લાખો કેસ આવી રહ્યા હતા. ૨૦૨૦થી અત્યાર સુધી ભારતમાં ૪.૫ કરોડથી વધુ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે અને ૫.૩ લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે.

દેશમાં કોરોનાના સતત વધી રહેલા કેસને કારણે અને નવા વેરિયન્ટ જેએન.૧ની જાણકારી મળ્યા બાદ કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સતત દેખરેખ રાખવાની અને સતર્ક રહેવાની સૂચના આપી છે. આ ઉપરાંત કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી કોરોનાના વધતા સંક્રમણને ધ્યાનમાં રાખીને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે જાહેર કરેલી ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવા પણ સૂચના આપવામાં આવી છે.

## હવામાન વિભાગની આગાહી:સૌરાષ્ટ્ર-કચ્છ સહિત દક્ષિણ ગુજરાતમાં ૮, ૯ અને ૧૦ જાન્યુઆરીએ વરસાદ પડવાની સંભાવના



આગામી સાત દિવસને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આગામી ૩-૪ દિવસ રાજ્યનું વાતાવરણ સૂકું રહેશે. ત્યાર બાદ પાંચમા દિવસથી રાજ્યના કેટલાક ભાગોમાં છૂટો-છવાયો વરસાદ વરસી શકે છે. આગામી ૮, ૯ અને ૧૦ જાન્યુઆરીએ સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વરસાદ વરસી શકે છે, તો સાથે જ ઠંડીનું જોર પણ યથાવત્ રહેશે.આગામી ચાર દિવસ બાદ પાંચમાં અને છઠ્ઠા દિવસે, એટલે કે તારીખ ૮ અને ૯ જાન્યુઆરીએ સૌરાષ્ટ્ર અને ગુજરાતના અન્ય જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. ત્યાર બાદ સાતમા દિવસે એટલે કે ૧૦ જાન્યુઆરીએ ઉત્તર ગુજરાતના એકથી બે જિલ્લામાં હળવો વરસાદ વરસી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૮ જાન્યુઆરીએ સૌરાષ્ટ્રના જૂનાગઢ, ગીર સોમનાથ અને દીવમાં વરસાદ પડવાની સંભાવના રહેલી છે. તો દક્ષિણ ગુજરાતમાં નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરા અને નગર-હવેલીમાં પણ છૂટો-છવાયો વરસાદ વરસે એવી સંભાવના છે. ત્યાર બાદ ૯ જાન્યુઆરીએ ઉત્તર ગુજરાતના જિલ્લાઓ, જેવા કે સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, મહીસાગરમાં હળવો વરસાદ વરસી શકે છે. આગામી બે દિવસ દરમિયાન અમદાવાદ સહિત આસપાસના જિલ્લાઓમાં તાપમાન યથાવત્ રહેશે.અમદાવાદમાં તાપમાનની વાત કરતાં હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૪.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું તથા ગાંધીનગરમાં ૧૨.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મહત્ત્વનું છે કે સામાન્ય રીતે નલિયા ગુજરાતનું સૌથી ઠંડું શહેર રહેતું હોય છે, પરંતુ ગઈકાલે કેશોદ ૯.૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે સૌથી ઠંડું શહેર રહ્યું હતું. આગામી બે દિવસ બાદ સમગ્ર રાજ્યના તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે.

## પ્રોફેશનલ ટેક્સ ન ભરનારા ૧૦૦૯ ધંધાકીય એકમોને નોટિસ, ૧૧ લાખનો દંડ વસૂલાયો, જાહેર રોડ પર ગંદકી બદલ ત્રણ દુકાનો સીલ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સ વિભાગ દ્વારા પ્રોફેશનલ ટેક્સના બાકી કરદાતાઓને શોધવા માટેની નવી કવાયત શરૂ કરવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં જે ધંધાકીય પ્રોફેશનલ ટેક્સ ભરે છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. ટેક્સ વિભાગ દ્વારા છેલ્લા બે દિવસમાં ૧૫૩૩ ધંધાકીય એકમોમાં તપાસ કરી હતી. જેમાં ૧૦૦૯ ધંધાકીય એકમો દ્વારા પ્રોફેશનલ ટેક્સ ભરવામાં આવ્યો ન હોવાથી તેઓને નોટિસ આપી હતી. કુલ ૧૧.૧ લાખ પર્સનલ ટેક્સ વસૂલવામાં આવ્યો હતો. જે પણ પ્રોફેશનલ ટેક્સના કરદાતાઓ ટેક્સ નથી ભરતા તેમના ત્યાં હવે કોર્પોરેશન જઈ અને ટેક્સની વસુલાત કરશે.




## ગુજરાતની ૯૫ જેટલી દિવ્યાંગ સંસ્થાઓમાં દિવ્યાંગોની ખુશી,શાંતિ અને શક્તિ માટે વિવિધ કાર્યક્રમો આયોજિત થશે

ગુજરાત સરકારના સમાજ સુરક્ષા ખાતાની અનુમતિથી બ્રહ્માકુમારીઝ દ્વારા આયોજિત 'ગુજરાત દિવ્યાંગ સમાનતા, સંરક્ષણ અને સશક્તિકરણ અભિયાન'નો વર્લ્ડ બ્રેઈલ ડે'- ૪ જાન્યુઆરી, ૨૦૨૪ નાં રોજ સર્વિસ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ'ના સહકારથી અંધ બાળકોની શાળા સેકટર.૧૬ ગાંધીનગર ખાતે શુભારંભ કરવામાં આવેલ.

પ્રજ્ઞાચક્ષુઓના વરદાન રૂપ બ્રેઈલ લિપિના શોધક લુઈ બ્રેઈલનાં ૨૧૫ મા જન્મ દિવસ- 'વર્લ્ડ બ્રેઈલ ડે' પર અંધ શાળા ખાતે આયોજિત 'ગુજરાત દિવ્યાંગ સમાનતા, સંરક્ષણ અને સશક્તિકરણ અભિયાન'નાં શુભારંભનાં આ કાર્યક્રમમાં પરમાત્માના આહવાન પશ્ચ?યાત દિપ પ્રાગટ્ય કરી સૌ મહેમાનોનું પુષ્પગુચ્છ અને સુતરની આંટીથી સ્વાગત અભિવાદન કરવામાં આવેલ. સાથે સાથે મંચસ્થ મહેમાનો દ્વારા બ્રહ્માકુમારીઝના અભિયાન યાત્રીઓને પણ અભિયાનના પટ્ટા પહેરાવી અભિયાનનો શુભારંભ કરેલ. આજના આ વિશેષ દિવસે સૌ મહેમાનોએ લુઈ બ્રેઈલનાં ફોટો પર પુષ્પોનો હાર પહેરાવી તેમના માનવતાનાં આ મહાનતમ પ્રદાનને યાદ કરી સ્મરણાંજલિ અર્પણ કરેલ આ પ્રસંગે



બ્રહ્માકુમારીઝનામુખ્યાલય શાંતિવનથી પધારેલ દિવ્યાંગ સેવાનાં રાષ્ટ્રીય સંયોજક રાજયોગી બી.કે.સુર્યમણીભાઈ એ જણાવેલ કે, માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દિવ્યાંગ શબ્દ પ્રયોગ કરી દિવ્યાંગોનાં સ્વમાનને જાળવવાનો ઉમદા પ્રયત્ન કરેલ. પણ તેમની સમાનતા, સંરક્ષણ અને સશક્તિકરણની તાતી જરૂરીયાત હતી. જે માટે બ્રહ્માકુમારીઝ દ્વારા ભારતના પાંચ રાજયો- ઓરિસ્સા, તેલંગાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ અને ગોવામાં આ અભિયાન સફળતા સંપન્ન થયેલ છે. ઘણી ખુશીની વાત છે કે, ગુજરાતમાં આજે આ અભિયાનનો રાજયસ્તરનો અને ગાંધીનગરથી પાટણ અભિયાનનો શુભારંભ બ્રહ્માકુમારીઝ ગાંધીનગર પ્રભારી રાજયોગિની કૈલાશ દીદીજીના આશિર્વાદથી અને રાજ્યના સમાજ સુરક્ષા ખાતાના નિયામક શ્રી વિક્રમસિંહ જાદવ સાહેબ દ્વારા અત્રે ગાંધીનગરથી થઇ રહેલ છે. સાથે સાથે આજે જ સમાજ સુરક્ષા અધિકારીશ્રી સુરત દ્વારા સુરતથી વલસાડ અભિયાનનો તથા નડીયાદથી વડોદરા અભિયાનનો શુભારંભ નડીયાદથી થઈ રહેલ છે. સમાજ સુરક્ષા ખાતાના નિયામક શ્રી વિક્રમસિંહ જાદવ સાહેબે અધ્યક્ષીય પ્રવચનમાં જણાવેલ કે, દિવ્યાંગોએ દિવ્યાંગતાને નબળાઈ નહી પણ તાકાત બનાવી લોકોની સહાનુભૂતિની યાચના કરવાને બદલે તેને ઓપોરચ્યુનીટી-તકમાં તબદીલ કરવાની છે. સર્વિસ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડનાં સેક્રેટરી ડો.જયંતિભાઈ પટેલે ઈતિહાસ પર નજર કરતા જણાવેલ ૧૯૯૫માં સેકટર.૨૯ ગાંધીનગરમાં 'જ' ટાઈપનાં સરકારી મકાનમાં શરૂ થયેલ અંધ બાળકોની શાળાને ૨૦૦૮મા સરકારશ્રી દ્વારા સેકટર.૧૬માં જમીન મળતા જરૂરિયાત મુજબનું ભવન આકાર પામેલ.

## નાગરિકોની પરિવહન સેવાને વધુ સુદ્રઢ બનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતેથી ૨૦૧ નવીન બસોને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રામકથા મેદાન-ગાંધીનગર ખાતેથી નાગરિકોની પરિવહન સેવામાં ૨૦૧ નવીન બસોને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે રાજ્યના વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ આ અદ્યતન બસોનું નિરીક્ષણ કર્યું હતું, જ્યારે વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવોએ બસની મુસાફરી પણ કરી હતી.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રગતિના પાયારૂપ બાબતોમાં અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોડ કનેક્ટીવીટી, અને જાહેર પરિવહન સેવાને દેશની ગતિશીલતાનો આધાર ગણાવી છે. તે જ દિશામાં આગળ વધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના મક્કમ નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ દ્વારા સામાન્ય અને છેવાડાના નાગરીકો સુધી જાહેર પરિવહનની ઉત્તમ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. આ સેવાઓમાં વધારો કરવા રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં મળી કુલ ૨૮૧૨ જેટલી નવીન બસો પૂરી પાડવાનું આયોજન છે. જે પૈકી આજે ગાંધીનગર ખાતેથી ૧૭૦ સુપર એક્સપ્રેસ અને ૨૧ સ્લીપરકોચ મળી કુલ ૨૦૧ નવીન બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ બસો ૩૩ જિલ્લાના ૭૮ ડેપો દ્વારા ૧૨૫ વિધાનસભા ક્ષેત્રોમાં સંચાલિત થશે અને નાગરિકોને ઉત્તમ પરિવહન સેવાઓ પૂરી પાડશે.અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા દરરોજ ૮૦૦૦થી વધુ બસોથી રાજ્યમાં કુલ ૩૩ લાખ કિલોમીટર રૂટનું સંચાલન કરી, ૨૫ લાખથી વધુ મુસાફરોને તેમના ગંતવ્ય સ્થળ સુધી સલામત અને સમયબદ્ધ બસ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત વાર-તહેવાર અને ધાર્મિક કાર્યક્રમો દરમિયાન વધારાની બસો પણ દોડાવવામાં આવે છે. નવીન બસોના લોકાર્પણ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેષભાઈ મકવાણા, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી જયંતિભાઈ પટેલ, કલોલના ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોર, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ અને ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમના એમ. ડી. શ્રી એમ. એ. ગાંધી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી લેખ......

# સડક દુર્ઘટનાઓ અને કઠોર કાયદા

દેશમાં સડક દુર્ઘટનામાં જાન-માલના ભારે નુક્સાનના સમાચારો આવતા જ રહે છે. મોટાભાગે બેદરકારીથી ગાડી ચલાવવાને કારણે જ દુર્ઘટનાઓ થતી હોય છે અને ચાલક દુર્ઘટના બાદ સ્થળ પરથી ભાગી જાય છે. સરકારે ભારતીય ન્યાય સંહિતામાં એવા હિટ એન્ડ રન કેસ માટે કઠોર સજાની જોગવાઈ કરી છે, જેના વિરુદ્ધ ટ્રક ડ્રાઇવરો ગુસ્સામાં હતા. હાઈવે જામ કરીને પૂરવઠો રોકવો કંઈ અચાનક નથી બન્યું. અખિલ ભારતીય મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ (એઆઈએમટીસી)એ ડિસેમ્બરના અંતમાં ભારતની નવી દંડ સંહિતા બીએનએસમાં હિટ એન્ડ રન એક્સિડેન્ટ માટે અધિકતમ ૧૦ વર્ષની જેલ અને ૭ લાખના દંડની સમીક્ષાનો અનુરોધ કર્યો હતો. બીજી તરફ, તેણે ટ્રક ચાલકોને પણ ધૈર્ય રાખવાની અપીલ કરી હતી. પરંતુ ટ્રક ડ્રાઇવરોએ આ અપીલને બિલકુલ ભાવ ન આપ્યો અને હડતાળ શરૂ કરી દીધી. જોકે મંગળવારે રાત્રે સરકાર સાથે વાતચીત બાદ હડતાળ પાછી ખેંચી લેવાઈ. કેન્દ્ર સરકારે આશ્વાસન આપ્યું કે નવા કાયદા લાગુ થતાં પહેલાં હિતધારકોની સાથે પરામર્શ કરવામાં આવશે.

જોકે ટ્રક ચાલકોને ડર એ હતો કે હિટ એન્ડ રન કેસોમાં વિશેષ રૂપે હાઈવે પર પોલીસ કદાચ જ ક્યારેય તપાસ કરે છે, માત્ર ટ્રક ચાલકોને જ દોષીત માને છે. આવી ઘટનાઓમાં તપાસ કેવી રીતે કરવી એના પર કોઈ માનક પ્રક્રિયા નથી. દુર્ઘટના બાદ ટ્રક ચાલક જો સ્થળ પર રોકાય તો ગુસ્સે ભરાયેલા સ્થાનિક લોકો તેની સાથે શું કરશે, તેનો કશો અંદાજ જ નથી રહેતો. આ ડરના માર્યા ટ્રક ડ્રાઇવર એક્સિડન્ટ રિપોર્ટ કરાવવા માટે સ્થળ પર રોકાવાને બદલે કોઈક રીતે જીવ બચાવીને ભાગી જવાને પ્રાથમિકતા આપે છે. એના પર સરકારે કહ્યું કે કાયદામાં ક્યાં નથી લખ્યું કે દુર્ઘટનાની માહિતી સ્થળ પરથી જ આપવી પડશે! એસોસિએશનનું માનવું છે કે એક તો ટ્રાન્સપોર્ટ સેક્ટરમાં ડ્રાઇવરોની ૨૭ ટકાની મોટી ઉણપ છે, ઉપરથી ૧૦ વર્ષની જેલની સજાની જોગવાઈ લોકોને આ સેક્ટર સાથે જોડાવાથી રોકશે. એકંદરે, ટ્રક ડ્રાઇવરોની હડતાળથી દેશની સપ્લાય ચેનની જીવન રેખા બાધિત થઈ ગઈ.

# નયનોની આદત

‘ઓ મારી રાધા, તું તો દિવસે ,દિવસે ખૂબ સુંદર લાગે છે×. અર્ચના શરમાઈ ગઈ. ૬૮ વર્ષની ઉંમરે પણ એના મુખ પર લજ્જાની લાલી છવાઈ ગઈ. નિવૃત્ત થયેલો અભિષેક હજુ હૃદયથી જુવાન હતો. શા માટે ન હોય ? આવી સુંદર અને સુશીલ અર્ચના મળી હતી. ખરું પૂછો તો સુંદરતા વ્યક્તિની આંખમાં વસે છે. મુખ પર સદા સ્મિત રેલાતું હોય એવી પત્ની ભાગ્યશાળીને મળે.

૨૧મી સદીમાં આવું સંસ્કારી ખુશખુશાલ જોડું જોવા મળે એ ભાગ્યની વાત છે. પતિ અને પત્ની રથના પૈડાં હોય છે. સાથે ચાલેને ઘુઘરી વાગે. સહજતાથી જીવન જીવતા હતાં. ન કોઈની દેખાદેખી કે ન કદી કોઈની સાથે સરખામણી ! સુખી જીવનની ચાવી !



અભિષેક જ્યારે ખુબ આનંદમાં હોય ત્યારે અર્ચનાને ‘ મારી રાધા‘ કહેતો. અર્ચના સમજી ગઈ. સરસ મજાની બે કપ ચા બનાવીને હિંચકે તેની સાથે ઝુલવા આવી ગઈ. અર્ચનાએ બાળપણમાં માતાનો પ્રેમ મેળવ્યો ન હતો. કિંતુ લગ્ન પછી વાત આખી બદલાઈ ગઈ. હા, તેના પિતાએ બનતો બધો પ્રયાસ કર્યો હતો, કિંયુ અર્ચના જાણતી હતી, ‘મા તે મા‘.

લગ્નની ૫૦મી વર્ષગાંઠ માર્ચમાં ઉજવવાની તડામાર તૈયારી ચાલી રહી હતી. અર્ચનાને અને અભિષેકને જોઈ કોઈ એમ ન કહી શકે કે તેઓ બંને ૭૦ ની આસપાસ છે. સંયમી જીવન, જીભ પર અંકુશને કારણે સ્વાસ્થ સારું હતું.

લગ્ન જીવનની સફળતા પતિ અને પત્નીના અભિગમ પર આધાર રાખે છે. બાકી ઘણા લગ્નનું ગાડું સાથે રહી ખેંચે છે. જેમાં સ્વાદ ઓછો હોય, છતાં સાથે રહી એકેમેકેને નિભાવતા દેખાય.

પત્નીની કામ કરવાની કુશળતા જોઈ અભિષેક બોલી ઊઠ્યો, ‘ કોઈ તને કહે નહી કે તું ૭૦ ની થવાની‘.

‘શું તું પણ યાર, હજુ તો બે વર્ષની વાર છે,‘

‘ઓહ, એમ વાત છે‘ ?

‘અરે, અભિ તને ખબર નથી, મારા હાથમાં મરવાની રેખા નથી. મેં ચપ્પુથી કોતરી તો બે મહિનામાં પૂરાઈ ગઈ. ‘

અર્ચનાનો જવાબ સાંભળી અભિષેકે અટ્ટાહાસ્ય કર્યું. બંનેના લગ્ન માતા અને પિતાનિ સંમતીથી થયા હતા. અર્ચના અને અભિષેકે એક અઠવાડિયાનો સમય માગ્યો હતો. અર્ચના લો કોલેજમાં હતી અને અભિષેક અમેરિકાથી માસ્ટર્સની ડીગ્રી મેળવીને અવ્યો હતો. અર્ચનાની વિનમ્રતા અને અભિષેકનો હસમુખો સ્વભાવ ઓળખાતાં વાર ન લાગી. અઠવાડિયામાં તો એકબીજાથી ખૂબ પરિચિત થયા અને નજીક પણ સર્યા.

ખબર નહી કેમ પણ અર્ચના, અભિષેક પર જાન છિડકતી અને અભિષેક અર્ચનાની સૌમ્યતા પર વારી ગયો હતો. અર્ચના બહાર જવા તૈયાર થઈને નિકળે ત્યારે સહુથી પહેલી ‘સીટી‘ અભેષેક તેના પર મારે.અભિષેકના નયનો કાયમ અર્ચનાને જોતા ધરાતા નહી.

અર્ચનાની સરળતા, સંયમ, સહજતા, સાદગી અભિષેકને સ્પર્શ કરી જતા. અર્ચના હતી જ એવી કે સહુને ગમતી. તેની મૃદુતા આંખોને ઊડી વળગે તેવી હતી. આની પાછળનું કારણ જાણવા અભિષેકે ખૂબ પ્રયત્નો કર્યા.

અર્ચનાનું બાળપણ માના પ્યારથી વંચિત રહ્યું હતું. તેને જન્મ આપીને ‘માતા‘એ અંતિમ શ્વાસ લીધા હતા. પિતાએ ફરી લગ્ન કર્યા. નવીમાને અર્ચિતા આંખના કણાની માફક ખૂંચતી હતી. ઢિંગલી જેવી અર્ચિતા, નવીમા ગુસ્સે થાય એવું કશું કરતી નહી. દાદીએ એવી સરસ કેળવી હતી કે તેમના સ્વર્ગવાસ પછી અર્ચનાનું વર્તન ઢાલ બની ગયું.

અર્ચિતાને એક ભાઈ અને એક બહેન હતા, જેમની કાળજી પ્રેમથી લેતી. મોટી બહેન તરિકેની ફરજ પ્રેમથી નિભાવતી. અર્ચના પપ્પાને તે ખૂબ વહાલી હતી. અર્ચનાની નવીમાનું દિલ તેના વર્તન આગળ હારી ગયું. ભલે અર્ચનાને પ્રેમ ન આપે પણ તેને વઢતી કે મારતી નહી. અર્ચનાની મૃદુતા આગળ તેના બધા હથિયાર હેઠા પડતા.

અર્ચનાને ભગવાને ફુરસદે ઘડી હતી. એમાં સ્વભાવ સુંદર, રૂપ ખિલે નહી તો બીજું શું થાય ? જેને કારણે અભિષેકની આંખોમાં વસી ગઈ હતી. બંને બાળકો લંડનથી ખાસ માતા અને પિતાના લગ્નની ૫૦મી વર્ષગાંઠ પર આવવાના હતાં.

બધી તૈયારી ખૂબ સરસ રીતે થઈ ગઈ હતી. બહારગામથી આવનાર મહેમાન સહુ આવી પહોંચ્યા હતા. અર્ચનાના ભાઈ અને બહેન મુંબઈથી આવવાના હતા. તેમના બાળકોની પરીક્ષાને કારણે પાર્ટીના દિવસે સવારે પહોંચવાના હતા. અર્ચના કાગડોળે તેમની રાહ જોઈ રહી હતી.

અર્ચના ખુશ હતી, પણ મુખ પર નિરાશાની વાદલી જણાઈ આવતી હતી. નાનાભાઈ અને બહેનને પ્રેમે

બાળપણથી ઉછેર્યા હતા તેમની રાહ જોવાઈ રહી હતી.

ટ્રેન ધાર્યા કરતાં મોડી આવી. અભિષેકે ગાડી સ્ટેશન પર મોકલાવી દીધી હતી .

‘દેરસે આયે દુરસ્ત આયે.‘

અર્ચિતા ગુલાબની માફક ખીલી ઊઠી બાળકો પરિવાર સાથે આવ્યા હતા. માતા અને પિતા હયાત ન હતા. ભાઇ અને બહેન બાળકો સાથે આવ્યા હતા.

સાંજની પાર્ટી રંગ લાવી. અભિષેક અર્ચનાની આંખોની કિતાબ વાંચી શકતો હતો. આવનાર મહેમાન અને બાળકોને તેનો અંદાઝ ન આવે. કિંતુ અભિષેક, ખીલી ઉઠેલા અર્ચિતાના નયનોની સુરખીમાં આદત પ્રમાણે ડૂબી ગયો !

**પ્રવિણા કડકીયા,અમેરીકા**

## ★અભ્યાસ - ભણતર★

**વિદ્યાર્થી અને બાળકો ના ઉજ્જવળ ભવિષ્ય, સશક્ત સમાજ અને રાષ્ટ્ર નિર્માણ માટે શાળાઓમાં નીચે જણાવેલ વિષયોનું જ્ઞાન આપવું જોઈએ.**

- તમારું મન કઈ રીતે કામ કરે છે?
- સ્વ ઓળખ અને સ્વમાન ને કઈ રીતે ઘડશો?
- સારા સંબંધો કઈ રીતે બાંધશો?
- સારા માતાપિતા બનવાની રીતો?
- બાળઉછેર અને સારસંભાળ કરવાની રીતો ?
- આર્થીક બાબતોનો વહીવટ કઈ રીતે કરશો?
- નાણાકીય સલામતી માટે પૈસાનું રોકાણ કેવી રીતે કરશો?
- શિસ્ત, ચરિત્ર, નીતિ, મર્યાદા, સદાચાર અને વ્યવહારિક કુશળતા કેવી રીતે કેળવશો?
- સ્વવિકાસ થકી સમાજ અને રાષ્ટ્ર માટે વ્યક્તિગત ભૂમિકા કઈ રીતોથી નિભાવશો?
- કાયદાનું મૂળભૂત સરળ જ્ઞાન મેળવવું અને તેનો જીવનમાં ઉપયોગ કેવી રીતે કરવો?
- જીવન જીવવાની કળા અને સકારાત્મક અભિગમ કેવી રીતે કેળવવો?
- વ્યક્તિનો શારીરિક, માનસિક વિકાસ અને જીવન આનંદ અનુભૂતિ કેવી રીતે કરશો?
- સમાજ અને રાષ્ટ્ર નિર્માણ માં વ્યક્તિગત રીતે આપની જવાબદારી અને ભાગીદારી કઈ છે?
- તમારો મનુષ્ય જન્મ અને જીવન ના ઉદેશ્ય કયા છે?
- કર્મ નો સિદ્ધાંત અને ધર્મ નો મર્મ જાણવાની કળા વિકસાવવી જોઈયે.
- શાસ્ત્ર અને શસ્ત્ર બંને નું શિક્ષણ મળવું જોઈયે.

શિક્ષણ ને ફક્ત ડિગ્રી માટે કે ભણવા ખાતર ના લેવું, તેને જીવનમાં અને વ્યવહારમાં ઉતારવા અને ઉપયોગમાં લાવવા માટેની પદ્ધતિ મુજબ ની શિક્ષણ પદ્ધતિ હોવી જોઈએ.

શાળાઓમાં જે નિયમ મુજબના વિષયો શીખવવામાં આવે છે તેની સાથે જો ઉપરના વિષયો પણ શીખવવામાં આવે તો યુવાનોની નવી પેઢી કેવી થાય તેના પર જરા વિચાર કરજો. વિચારો કે આ બધાનો તેઓ કેવો સુંદર ઉપયોગ કરી શકે.

શિક્ષણ એ છે જે આપણને એક બીજાથી અલગ પાડે છે,સમાજ સુધારણા માટે કાર્ય કરવાની શક્તિ આપે છે. વર્ષો યુગોથી શિક્ષણ ને મહત્વ આપવામાં આવી રહ્યું છે. શિક્ષણનું આધુનિક સમાજમાં પ્રગતિ સાથે તેની જરૂરિયાત વધુ અનિવાર્ય બની ગઈ છે.

?? સંદીપ ત્રિવેદી

# આત્મહત્યા માટે મશીન ???

“રાજુ તારી દાદી જીવે છે કે ઢબી ગઈ?”મેં રાજુને પૂછયું.

ગિરધરભાઇ. દાદી પણ ગજબની છે. છેલ્લા પંદર વરસથી ભગવાન મને ઉપાડી લે તો સારૂં. આ મંદવાડ અને ઘડપણ સહેવાતા નથી. આંખ ગઇ ( વહુ રસોડામાં રાંધે તો નજર તેના તરફ હોય-એ વાત અલગ છે. હોંકે!!)કાને સંભળાતું નથી. ભગવાન મારી અરજ સાંભળતો નથી. કદાચ મારા આયખાના હિસાબનું પાનિયું ખોવાઈ ગયું છે. એટલે ચિઠી ફાટતી નથી. આમ બોલી બોલીને લાલ ટમેટા જેવી થઇ ગઇ છે. એના ધોળા વાળ કુદરતી કાળા થઇ ગયા છે. નવા દાંત પણ આવ્યા છે.” રાજુએ દાદી પુરાણ ખોલ્યું.

“રાજુ . જન્મ, જીવન અને મૃત્યુનો વિષય એવરગ્રીન છે. જગતમાં લખવામાં આવેલા પુસ્તકોમાં આ વિષય પર કમ સે કમ ત્રીસ ટકા પુસ્તકો લખાયા છે. જન્મ પર તમારો કોઇ કાબુ નથી. તમે નક્કી ન કરી શકો કે મારે નાઇજીરીયા કે ઈથોપિયામાં જન્મ લેવો નથી. તમે બહાર ડોકું કાઢીને જોઇ શકતા નથી કે જે તે દેશ કે સ્થળે જન્મ લેવાનું અટકાવી શકતા નથી. તમારે સ્કોટલેન્ડમાં જન્મ લેવો હોય અને તમે બાર્બાડોસમાં જન્મ લેવો પડે. આ પરિસ્થિતિમાં તમારું રિએક્શન ગમે તેમ હોય પણ તમારું રતિભાર ચાલતું નથી. મરણમાં સાવ એવું નથી. તમે આંધળુકિયા કરવાની બહાદુરી ધરાવતા હોઉં તો અને થોડાંક ઘરઘરાઉ થોડા બાહરી ઉપાયો સઉળતાપૂર્વક અજમાવો તો છાતી ઠોકીને કહું છું કે તમારા ફોટા પર સુખડનો તાજો હાર લાગી જાય અને તમે થ્રી ડાઇમન્શનમાંથી ટુ ડાઇમ્ન્શનમાં રૂપાંતરિત થઇ જશે.”મેં રાજુને કહ્યું

“ ગિરધરભાઇ. ઘણી વ્યકિત લાંબું જીવવાની તમન્ના રાખતી હોય તેને અકસ્માત, રોગ,આર્થિક કારણોસર, ગૃહકલેશ, પ્રેમ પ્રકરણ , જમીન,જોરૂં જેવા કારણો કે પરિબળોથી કુદરત તેની આયુષ્યની દોરી ટુકી કરી નાંખે છે કે ફિરકીની માફક લપેટી કે વીંટી નાંખે છે. પરિણામે અનિચ્છાએ ફાની દુનિયા છોડવી પડે છે. આ એક વિડંબના છે. જેને કોઇ ટાળી શકતું નથી. આત્મહત્યા અથવા આપઘાત એટલે કોઈ વ્યક્તિ દ્વારા ઇરાદાપૂર્વક પોતાનો જીવ લેવાની ક્રિયા અથવા સ્વયં અકુદરતી રીતે વહોરેલું મૃત્યુ. બળી મરવું, ઝેર પીવું, ડૂબી મરવું અને ગળે ફાંસો ખાવો વગેરે આત્મહત્યા માટે ઉપયોગમાં લેવાતી સામાન્ય પદ્ધતિઓ છે. ઊંચાઈએથી પડતું મૂકવું, વાહનો નીચે છૂંદાઈને મરવું, બંદૂકની ગોળીથી મરવું, સામૂહિક મૃત્યુ વગેરે તેની ઓછી જાણીતી પદ્ધતિઓ છે. આપઘાત એ વ્યક્તિગત અને સામાજિક ગુનો બને છે. આપઘાત કરાવવો અથવા આપઘાત કરવા માટે કોઈને પ્રેરવું તે પણ ભારતમાં ઝની કલમ ૩૦૨ મુજબ ફોજદારી ગુનો ગણવામાં આવે છે.”રાજુએ અકાળ અવસાનની વાસ્તવિકતા રજૂ કરી.

“ ગિરધરભાઈ. આત્મહત્યા એક સંકુલ મનોવૈજ્ઞાનિક વર્તનઘટના અને સામાજિક સમસ્યા છે. દરેક આત્મહત્યાના ૧૦થી ૧૫ પ્રયત્નોમાંથી એકમાં વ્યક્તિ સફળ રીતે આપઘાત કરે છે એવું નોંધાયું છે. પુરૂષો કરતાં સ્ત્રીઓ આત્મહત્યાના પ્રયાસો વધુ પ્રમાણમાં કરે છે; પરંતુ સ્ત્રીઓ કરતાં પુરુષો આત્મહત્યાના પ્રયાસોમાં વધુ સફળ નીવડે છે એવું અત્યાર સુધીના અભ્યાસ પરથી માલૂમ પડ્યું છે. અપરિણીત કે છૂટાછેડા લીધેલ, એકલી રહેતી કે વિધવા-વિધુર વ્યક્તિઓમાં થતી આત્મહત્યાનું પ્રમાણ પરિણીત અને સંતાનોવાળી વ્યક્તિઓ દ્વારા થતી આત્મહત્યાના પ્રમાણ કરતાં વધારે જોવા મળે છે.”રાજુએ કહ્યું

રાજુ તને ખબર છે કે આત્મહત્યાના પણ પ્રકારો હોય છે?” મેં પૂછયું

“ગિરધરભાઇ. આત્મહત્યાના પ્રકાર ગણીને શું કાંદા કાઢવાના? ડુબ ગઇ દુનિયા પછી તેનું પોસ્ટમોર્ટમ શું કરવાનું?” રાજુએ કહ્યું.

“ રાજુ. આત્મહત્યાના પ્રકાર જાણી લે. જરૂર પડયે કામ આવશે. સંઘર્યો સાપ કે ખીલો અણીના સમયે કામ આવે છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાના સમૂહ કે સમાજ સાથે એટલી બધી હળીમળી જાય છે કે ત્યારે તે સમૂહ કે સમાજના કલ્યાણ માટે અથવા રક્ષણ માટે પોતાનું બલિદાન આપે છે. આ પ્રકારની આત્મહત્યા સમાજ માટે પોતાનો જીવ ન્યોછાવર કરી દેવાની ભાવનાથી પ્રેરાયેલ હોય છે, આથી આ પ્રકારની આત્મહત્યા ને પરોપકારી આત્મહત્યા’ કહેવામાં આવે છે. સૈનિક દ્વારા પોતાના દેશ માટે યુદ્ધમાં ખપી જવાની ક્રિયા, ભારતમાં પોતાના પતિ પાછળ સતી થવાની પ્રથા તથા જાપાનમાં હારાકીરીની પ્રથા વગેરે પરોપકારી આત્મહત્યાના ઉદાહરણો છે.

સામાજિક તથા વ્યક્તિગત વિઘટનની પરિસ્થિતિને કારણે આત્મહત્યા થાય છે ત્યારે તેને વિસંગત આત્મહત્યા કહેવામાં આવે છે. અહીં ધોરણ અસ્થિરતાની સ્થિતિ એવી હોય છે જેમાં વ્યક્તિ માટે સમૂહની મૂલ્યવ્યવસ્થાનો કોઈ અર્થ કે મહત્ત્વ રહેતું નથી, અને તેથી વ્યક્તિ પોતાને એકલી, અલગ — સમૂહથી ફેંકાયેલ અનુભવે છે. આવી સ્થિતિ વ્યક્તિને આત્મહત્યા કરવા પ્રેરે છેસમાજ સાથે વ્યક્તિના સંબંધો તૂટી જાય છે, એટલે કે વ્યક્તિ સમાજ સાથે અનુકૂલન સાધી શકતી નથી ત્યારે તે પોતાના જીવનને નિરર્થક સમજવા લાગે છે અને આત્મહત્યા કરવા તરફ પ્રેરાય છે. આ પ્રકારની આત્મહત્યાને અહંવાદી આત્મહત્યા કહેવામાં આવે છે”મેં રાજુને આત્મહત્યાના પ્રકારોની સૈંધ્ધાંતિક માહતી આપી.પ્રેકટિસ કે પ્રકટિકલ રાજુ તેની અનુકૂળતાએ કરશે!!

“ ગિરધરભાઇ. તમે આત્મહત્યાના પ્રકારો કહ્યા. હું તમને પધ્ધતિ જણાવીશ. ઝેરી પદાર્થો અને ઝેરી દવા લેવી એ આત્મહત્યા માટે સૌથી વધુ વપરાતી પદ્ધતિ છે. આ ઉપરાંત કેટલાક લોકો આત્મહત્યા માટે ઊંચેથી કૂદી પડવું, ડૂબી મરવું, સળગી જવું કે ગળે ફાંસો ખાઈ લેવો પસંદ કરે છે. જ્યાં સ્ફોટક સાધનો અને પિસ્તોલ જેવા શસ્ત્રો મળે છે ત્યાં આત્મહત્યા કરવા માટે સામાન્ય રીતે તેનો ઉપયોગ થાય છે.”” રાજુએ પધ્ધતિ કહી.

“ રાજુ. કોઇ અભાગિયો હોય તો પંખે લટક્યો હોય તો પંખો હેઠો પડે. ઝેર પીધું હોય તો નકલી નીકળે. દોરડે લટક્યો હોય અને દોરડું તૂટી જાય. કેનાલમાં ભૂસ્કો મારે ને કોઇ બચાવી લે. ગાડી નીચે પડતું મુક્કે ને કોઇ સાંકળ ખેંચે ને ગાડી ઊભી રહી જાય!!”મેં કહ્યું.

“ ગિરધરભાઇ .તમે પણ કેવી શક્યતા તરાસો છો?” રાજુએ કહ્યું,

“રાજુ હવે આત્મહત્યા માટે પરંપરાગત પધ્ધતિ પર નિર્ભર રહેવું પડશે નહીં. હવે તમે હાઈટેક પધ્ધતિ અપનાવી શકશો. સ્વિત્ઝર્લેન્ડે તાબૂતના આકારના એક મશીનને મંજૂરી આપી છે. આ મશીનની મદદથી લોકો માત્ર ૧ મિનિટમાં કોઈપણ મુશ્કેલી વગર શાંતિપૂર્ણ રીતે મોતને ગળે લગાવી શકશે. આ મશીનને બનાવનારી કંપનીએ જાણકારી આપી છે. જાણવા મળી રહ્યું છે કે મશીનની અંદર ઓક્સીજનનું સ્તર ખુબ ઓછુ થઈ જાય છે, જેનાથી વ્યક્તિનું હાયપોકિસયા અને હાઈપોકૈનિયાથી મોત થઈ જાય છે. “મેં લેટેસ્ટ શોધની માહિતી આપી.


“ગિરધરભાઈ. તમે આ મશીનનો ક્યારે લાભ લેવાના છો??!!” રાજુએ ગુગલી ફેંકી.

મેં અડધી પીચે આવીને મુઠીઓ વાળીને ગેમમાંથી નોકઆઉટ રાઉન્ડમાં વોક ઓવર કર્યું. જાન બચી જહાન પાયે! ભગવાન કોઈને ઈવન દુશ્મનને આત્મહત્ય કરવાની નોબત ન આપે. આત્મહત્યા કરવા કરતા સમસ્યાનો મનોવૈજ્ઞાનિક અને આધુનિક ઢબે ઉકેલ લાવવા અગ્રેસર કરે!! અસ્તુ!!

ભરત વૈષ્ણવ
૫.૧.૨૦૨૨

( આ લેખ હાસ્ય નિષ્પન્ન કરવા લખેલ છે. અન્ય કોઈ ઉદેશ નથી. ?આત્મહત્યાને દુઃ પ્રેરણાનો નથી તેની નોંધ લેવી.)

# રણાસણ ગામે તલાટી કમ મંત્રી કાજલબેન પટેલ ની બદલી થતા વિદાય સમારંભ યોજાયો



ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે છેલ્લા ત્રણ વર્ષથી તલાટી કમ મંત્રી શ્રી તરીકે નિષ્ઠા પૂર્વક ફરજ બજાવતા શ્રી કાજલબેન પટેલ ની બદલી થતા આજરોજ રણાસણ ગામે આવેલ ગ્રામ પંચાયત કચેરી ખાતે વિદાય સમારંભ યોજાયો હતો જેમાં તલાટી કમ મંત્રી કાજલબેન પટેલ ને ગ્રામજનો દ્વારા વિવિધ મોમેન્ટો આપી હુંફાળી વિદાય આપવામાં આવી હતી

આજરોજ ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે આવેલ ગ્રામ પંચાયત કચેરી ખાતે ગામની અંદર તલાટી કમ મંત્રી શ્રી તરીકે છેલ્લા ત્રણ વર્ષથી નિષ્ઠા પૂર્વક ફરજ બજાવતા કાજલબેન પટેલ ની બદલી થતા આજરોજ તેમની વિદાય યોજવામાં આવી હતી જેમાં સરપંચ શ્રી ભાનુમતી બેન પરમાર, ઉપ સરપંચ રાજુભાઇ પટેલ,તલાટી કમ મંત્રી સાહીલ ભાઇ, પર્વ સરપંચ જયંતિ ભાઈ પટેલ,વી.સી પોપટ ભાઈ પ્રજાપતિ, વિષ્ણુભાઈ પટેલ,અદાજી ઠાકોર, ધનજી પટેલ,પત્રકાર નિખિલ જોષી, સંજય જોષી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ બોડી ના સભ્યો હાજર રહી વિદાય આપવામાં આવી હતી

નિખિલ જોષી: પાટણ જિલ્લા બ્યુરોચીફ

**ભાવનગર જીલ્લા દુધ ઉત્પાદક સંઘ લી ભાવનગર (સર્વોત્તમ ડેરી) ના ૧૩૭ કરોડના બાધકામ અને મશીનરી ખરીદીના રોકાણ**

# પુર્વ મંજુરીમાથી રાજ્ય સરકારે મુક્તિનો આદેશ આપ્યો. શુ સંઘના ભ્રષ્ટાચારને મંજુરીની મહોર મારી

ભાવનગર જીલ્લા દુધ ઉત્પાદક સંઘ લી ભાવનગરની સર્વોત્તમ ડેરીના ત્રણ યુનિટો પર કરેલ બાંધકામ અને મશીનરી માટેના રોકાણો અંગેની કામગીરી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૭૧ અને ગુજરાત સહકારી મંડળી નિયમો ૧૯૬૫ નો નિયમ ૨૯(૧) ની જોગવાઈઓ અન્વયે ભાવનગર જીલ્લા દુધ ઉત્પાદક સંઘે રજીસ્ટારશ્રીની પુર્વ મંજુરી મેળવ્યા વગર રુપિયા ૧૩૭ કરોડનુ રોકાણ કર્યુ.૨૨/૦૬/૨૦૨૦ ના રોજ રજીસ્ટ્રાર,સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્યે ભાવનગર દુધ સંઘને કર્મચારીઓની ભરતી અને બઢતી અંગે રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અને મંડળીના નિયમો ૧૯૬૫ સંસ્થાના મંજુર થયેલા નિયમો મુજબ નિયામક મંડળ દ્વારા પોતાની ફરજો બજાવવાની હોય છે તેમા સંઘ પ્રથમ દર્શનિય રીતે કસુરવાર જણાતા શ્રી એ યુ રાઠોડ ચોકસી અધિકારીની નિમણુક કરેલ.તા.૦૨/૦૨/૨૦૨૧ રોજ સહકારી મંડળીના રજીસ્ટારશ્રી, ગુજરાત રાજ્યે ભાવનગર દુધ સંઘને કર્મચારીઓની ભરતી અને બઢતી અંગે રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ—૮૯ થી મળેલી સતાનો દુરુપયોગ કરવા બદલ અને ત્રણ યુનિટો (૧)સર ગામ ખાતેનો ચિલીગ પ્લાન્ટ બાંધકામ રુપિયા ૫૦,૫૨,૩૪,૬૦૫ કરોડ,(૨)મોટા ખુંટવડા ખાતેનો ચિલીગ પ્લાન્ટ બાંધકામ રુપિયા ૨૦,૭૯,૭૩,૬૧૦ કરોડ અને (૩)સર ગામની દાણ ફેકટરી સ્થાપવા રુપિયા ૬૬,૦૮,૦૯,૦૮૪/- આમ કુલ ૧૩૭,૪૦,૧૭,૨૯૯/- રુપિયા છે જેની સહકારી કાયદાની કલમ — ૭૧ મુજબની પુર્વ મંજુરી ન લઈને સંઘે કલમ—૭૧ નો ભંગ કરેલ છે. તે કારણોસર ધી ભાવનગર સહકારી દુધ ઉત્પાદક સંઘ લી ભાવનગર (સર્વોત્તમ ડેરી) ના મેનેજીંગ ડીરેકટરને તાત્કાલીક અસરથી ફરજ મિકુફ કરવાનો નિયામક મંડળને હુકમ કરેલ.તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ રાજ્યના નાયબ સચિવશ્રી,(અપિલ) કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથીઅને તેના નામે ભાવનગર જીલ્લા દુધ ઉત્પાદક સંઘ લી ભાવનગરની (સર્વોત્તમ ડેરી) ત્રણેય રિવિઝન અરજીને ગ્રાહ્ય ન રાખેલ નથી. અને તા. ૦૪.૦૧.૨૦૨૪ ના એટલે કે આજ રોજ નાયબ સચિવશ્રી,કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગએ ભાવનગર જીલ્લા દુધ ઉત્પાદક સંઘ લી ભાવનગરની સર્વોત્તમ ડેરીના કૌભાંડો અને ગેરરીતીને સંજ્ઞાનમા લીધી હતી અને મેનેજીંગ ડીરેકટરને ફરજ મોકુફ કરેલ છે આ તમામ તપાસ રાજ્ય સરકારના દફતરે ચાલુ છે છતા તેને સહર્ષ સ્વીકારી લીધી અને ૫૦,૦૦૦ પશુપાલકોના હિતોને આડે ધરીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૭૧ હેઠળની પુર્વ મંજુરીમાથી મુક્તિ આપી દીધી અને કરોડો રુપિયાના ભ્રષ્ટાચારનો ભાંડો ફુટે તે પહેલા શિષ્ટાચાર રસમ સંપન્ન કરી. પશુપાલકોના નામે ભાજપા સરકાર દુધ સંઘના ભ્રષ્ટ્રાચારીઓ અને ગુનેગારોને છાવરવાનુ કામ પુર્ણ કર્યુ.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS N0 : 205**
પ્રકાર : પધ
વિષય : રાખ ના રમકડા

અમે એક પ્રભુ ના ચાકડે ચડેલા અને કાચી માટી ના ઘડેલા અમે રાખ ના રમકડા.......
હે સૃષ્ટિ ના સર્જનહાર તું આખા જગત નો તારણહાર
તે અમને દીધો આ મનુષ્ય અવતાર
અમે પા.પા પગલી ભરતાં થયા અને પાટી પેન લઈને ભણતા થયા
અમે રાખ ના રમકડા....
જેટલી ચાવી ભરી છે તેટલા ચાલીએ અમે
અમે જેમ જેમ મોટા થયા તેમ તેમ આ દુનિયાની દસ્તુર જાણતા થયા
અમને અમારા સ્વાર્થ ની ખાતર સાચા ખોટા નું કઈ ભાન નો રહ્યું અમે
પરમાત્મા ને ભૂલતા ગયા અમે રાખ ના રમકડા....
અહમ.હું પદ અને ઘમંડ રૂપી અમારી મૂડી એક દિવસ રાખ માં જઈ રોડી
અરે અમારા છઠીયાર માં પણ ખીચું નથી અને અમારા કફન માં પણ ખીચું નથી
વચ ગળા માં ખીચા ભરવા અમે કરતા દોડા દોડી અમે રાખ ના રમકડા
અમને ભાવ ભક્તિ અને ધર્માદા નું કઈ સમજ્યા નઈ ને અમે કરવા રહી ગયા મારી ને તારી
મરણ પથારીએ પડેલો માનવ ઈશ્વર ને પ્રાર્થના કરે બે હાથ જોડી મારા જનમ ની આ અઢી કિલો ની કાયા અઢી કિલો ની રાખ મા રોડી અમે રાખ ના રમકડા.....

પથિક ઉર્ફે વિજયસિંહ બાબુભા ઝાલા
ગામ. ઢવાણા.હળવદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No: 142**
પ્રકારઃ લેખ.વિષય : રાખનાં રમકડાં
શીર્ષક : તંત

★અંત અનંતનો તંત ન તૂટ્યો ને...રમત અધૂરી રહી..★

જીવમાત્રએ અનંતકાળનાં એક અંશમાં જન્મી, જીવીને પ્રસ્થાન કરી જવાનું! સંસારની કંઈ કેટલીય રમતો અધૂરી છૂટી જાય. જેમ શેરીમાં રમતા બાળકનો બરાબર દાવ આવ્યો હોય ને માતા કાન ખેંચીને એને ઘરમાં લઈ લે..બસ જીવ માત્રની આ જ પ્રમાણે રમત અધૂરી છોડાવી અને ઈશ્વર એના દરબારમાં બોલાવી લે. ત્યાં પણ અંત નથી સફરનો. ત્યાંથી ફરી નવી સફર, નવી રમત અને નવો દાવ. અગણિત જન્મો વિતે તો પણ એની એ જ અનંતની યાત્રા ચાલતી રહે. નથી એ યાત્રા સમજાતી કે નથી તેનો પ્રારંભ કે અંત જોઈ શકાતો. આપણે રમત રમીએ છીએ કે આપણે જ ઈશ્વરના રમકડાં છીએ એ ભેદ પણ ક્યારેક ભ્રામક લાગે છે. એને ગમે ત્યાં સુધી રમાડે અને ગમે ત્યારે બાજી સંકેલીને રમકડું મૃત્યુની અંધારી પેટીમાં ધકેલી દે- બધી જ તેની મરજી.

છતાંય જીવ જીવે ત્યાં સુધી એની મિથ્યા બુદ્ધિની ભાંજગડ ચલાવતો રહે. બધું જ અહીં છોડીને જવાનું જાણતો હોવા છતાં મારું-તારુંની મમત અંતિમ શ્વાસ સુધી ખેંચતો રહે. છેલ્લે લીધેલો શ્વાસ પણ ઈશ્વર છોડાવી દે છે, એટલો હક પણ જીવનો આ પૃથ્વી ઉપરથી ઉઠાવી લે છે છતાં આંખ ખુલતી નથી અને તન અને મનની મોહજાળમાં ફસાતો રહે. એક નહીં, નવા નવા દરેક જન્મોમાં ફરી આની આ જ રમત અને મમત - જેમ ચાવી દીધેલું રમકડું એક જ હરકત કરતું જાય એવું જ કંઈક.

માટીમાંથી જન્માવી ને રાખમાં ભેળવી દેવાતાં દેહની મહત્તા એક રમકડાંથી વિશેષ કશી નથી. મને આ ભજન પ્રિય હોવાનું કારણ એ જ છે કે બહુ સરળતાથી માનવ શરીર, એની ક્ષણભંગુરતા સમજાવી અને જીવને એનું દેહાભિમાન અને સંસારની માયા મિટાવી દે છે અને એ પણ માત્ર માટી અને રાખનાં માધ્યમ વડે. ....અસ્તુ.
૨ મનીષા મહેતા(ધરા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:185**
પ્રકારઃ પદ્ય.વિષયઃ રાખનાં રમકડાં
શીર્ષકઃ રાખનાં રમકડાં .શબ્દોઃ ૧૩૧
લેખકનું નામઃ દિલીપ સી. સોની

પંચતત્વનો ખેલ મંડાયો સંસારે, કર્મના ઋણાનુબંધે,
માયાએ ભરડો લીધો, જીવ્યા બેભાન અવસ્થાએ,

ખેલ માંડ્યો માટીનો, મારા રામે દોરી હાથમાં રાખી,
રોજ નચાવે, કરાવે તાતાથૈયા, રાગી થવા સંસારે,

મારા-તારાનો ખેલ આ, રંગે રંગાયો લોભ લાલચે,
ન માન્યું, ન જાણ્યું, ન માણ્યું, જ્ઞાનગંગાની સંગે,

અજર- અમર થવા જીવ્યો, નીજ અહંકારે અહીં,
પળવારમાં વાવાઝોડાનો વિંજણો, વિંજાયો અહીં,

સમજ્યો નહીં, આ તો લેણાં-દેણીનો મેળાપો જગે,
કાળના ખપ્પરમાં હોમાઈશ,રાખ થઈને ગગને ઉડીશ,

રાખના રમકડાંના મોહમાં સપડાયો, જીવનભર અહીં,
સોનેરી સ્વપ્નો સજાવી, કર્મબંધનો નિપજાવ્યાં અહીં,

કાવાદાવાના ભ્રોરિંગની લપેટમાં, ખુબ લપટાયો જગે,
રચ્યોપચ્યો રહ્યો, ભેગું કરવાના લાલચોની આશાએ,

રમકડું થયું જીર્ણશીર્ણ, સ્વાર્થની રમતો અધુરી રહી,
પસ્તાવાથી અશ્રું સર્યા, આ તો હતું જ રાખનું રમકડું,

આવી સમજ અંતેપપ

નથી કંઈ હું, છું માટી, મારા રામ વસે કણેકણમાં,
નિમિત્તે જન્મ્યો, રમકડું રાખ થઈને ઉડશે ગગને.
-દિલીપ સી. સોની.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS no.208**
વિષય. રાખના રમકડા
શીર્ષક. ઘડાયા ચાકે
શબ્દ.૧૦૨
લેખક. અમરીશ શુક્લ

રામના ચાકે ઘડાયા છીએ,
અમે મજાના રમકડાં છીએ.

ધારેલું કરવા મથીયે છીએ,
થોડા વળી અહંકારી છીએ.

ઊગતાં આથતા દોડી છીએ,
થાકી હારી અંતે નમીયે છીએ.

તુજ કાજ સદા ભૂલ્યા છીએ,
પછી જ ઘણાં પસતાયા છીએ.

તારુંને મારું કરતાં રહ્યાં છીએ,
અંતે તો રાખના રમકડાં છીએ.

(આશુ) અમરીશ શુક્લ.રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:153** વિષયઃ " રાખ નાં રમકડાં"
શબ્દ : ૧૪૭ શીર્ષકઃ"રાખ થી રાખ". પ્રકારઃપદ્ય લેખકનું નામઃ જિતેન્દ્ર શાહ.
રાખ નાં રમકડાં ની રુપે અવતર્યો હું મારી માં ની કુખ માં,
દિવસ અને રાત કાઢ્યાં છે ઝુંપડી માં અડધી ભૂખ માં,
દાદા નો છાંયો રહેતો'તો મારી સાથે દુઃખ માં,
દાદી એ પાયું છે તેમનાં ભાગ નું દુધ મારાં મુખ માં,
પિતા થયાં બે પૈસા કમાતાં મારાં દિવસો આવ્યાં સુખ માં,
પિતા ખવડાવતાં'તાં બિસ્કીટ દર રવિવારે કો'ક દિવસ ચૂક માં,
સ્કૂલ માં મુક્યો દાદા એ મને મોર નું પીંછુ ભરાવી મારી બુક માં,
દાદી એ લાપશી કરી ને ભરી દીધી મારાં મુખ માં,
પિતાએ શીખવ્યું કે તું સાચો હોય તો કો'ક ની સમક્ષ ઝુક માં,
તેમનાં વિચારો માનવાં થી ફરક પડી ગયો છે મારાં લુક માં,
ઓલવાઈ ગયો મારાં પિતા નો દિવો બસ પ્રભું ની એક ફૂંક માં,
અભ્યાસ ને હિસાબે મળી ગઈ ગવર્મેન્ટ બેન્ક જોબ દિવસો આવ્યાં પાછાં સુખ માં,,
લગ્ન પછી અમારે ત્યાં આવ્યાં બે રાખ નાં રમકડાં વાર્તા પુરી થઈ મારી ટૂંક માં.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 188**
વિષય - " રાખનાં રમકડાં "વિભાગ - પદ્ય
શબ્દ - ૭૬.શીર્ષક - " રાખનાં રમકડાં રાખમાં મળી જાવાનાં "
લેખક - ?...શ્ર વિનોદ. મો. સોલંકી "વ્યોમ" (જેટકો.જીઈબી)મુ. રાપર

રાખનાં રમકડાં ને રાખમાં મળી જાવાનાં;
ક્ષણભંગુર તનડાં પળમાં બળી જાવાનાં;

જીવનભર મારું મારું કરી કર્યું જે એકઠું,
સઘળું મૂકી ખાલી હાથ નિકળી જાવાનાં;

કાચી માટીની કાયાને લાગી ખોટી માયા,
માયા તણાં રંગો એક 'દી ઊડી જાવાનાં;

પર પીડા જોઈ જેની આંખો થઈ સજળ,
ભવસાગરે એ જીવતેજીવ તરી જાવાનાં;

નથી કશું કાયમી સુખ હોય કે દુખ અહીં,
સમય આવતાં હર ઘાવ વીસરી જાવાનાં;

સત્કર્મનું ભાથું લે સાથે, મૃત્યુ જ મંજિલ!
સગાં પણ "વ્યોમ" બાળી વળી જાવાનાં;

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 0101**
વિષય - રાખનાં રમકડાં વિભાગ- ગદ્ય લેખ
શબ્દ- ૩૧૮.શીર્ષક - રામે રમતાં રાખ્યાં
લેખકઃ ભરત સાંગાણી

માનવ દેહ કુદરતે સર્જેલું રાખનું રમકડું છે, તેને પ્રાણરૂપી ચૈતન્ય ચાવીભરી, તે રમકડાંથી ઈશ્વર રમે છે. તેમાં વિવિધતા લાવવાં ગુણો અવગુણોથી સજાવે છે. દેવ અને દાનવ બંનેને રમતાં કરે છે. સંસારના ચકડોળમાં ચક્રાવે ચઢાવે છે. તેવાં બે સત્વગુણી રાખનાં રમકડાં - જૈનમુની આનંદઘનજી અને શંકરાચાર્યના પારમાર્થીક-સાત્વિક સત્યના દર્શન આપણે કરીએ.
સામાન્ય રીતે આપણે 'સત્યનું પારખું,' આ શબ્દ સમૂહને પ્રામાણિકતાની કસોટીના સંદર્ભમાં ઉપયોગ કરીએ છીએ. તે વ્યાવહારિક જગતનાં વ્યાવહારોના
આદાન પ્રદાન માટેનું પ્રેક્ટિકલ સત્ય છે. બીજું સત્ય છે પારમાર્થીક સત્ય- એબ્સલ્યૂટ સત્ય જે આત્માની પરખનું સત્ય છે. સ્વના સત્યને પારખવાનું સત્ય.
આ સમજવા આપણે બે પ્રસંગોનું નિરીક્ષણ કરશું.
જૈન મુનિ આનંદઘનજીની કથા છેઃ તેઓ ઉપાશ્રયમાં કલ્પસૂત્ર વાંચતાં ત્યારે નિયમ પ્રમાણે નગરશેઠના આવવાની રાહ જોવાતી. કલ્પસૂત્રના પ્રારંભનું મુહૂર્ત ચાલ્યું જતું હતું એટલે આનંદઘનજીએ વાંચન શરૂ કરી દીધું. મોડે મોડે શેઠ આવ્યા. પણ પોતાની રાહ જોયા વિના વાંચન શરૂ થયું એટલે તેમના મોં પર ભાર દેખાતો હતો. વાંચન પૂરું થયું ત્યારે તેમણે મુનિશ્રીને પૂછ્યુંઃ "તમને ખબર છે કે તમે રહો છો એ ઉપાશ્રય કોણે બંધાવ્યો છે?"
"આપે," આનંદઘનજીએ ઉત્તર આપ્યો.
"તમને ખબર છે કે તમે પહેર્યા છે એ વસ્ત્રો કોણે પહેરાવ્યાં છે?"
"આપે," આનંદઘનજી એ કહ્યું અને પછી વસ્ત્રો કાઢી શેઠના હાથમાં સોંપ્યા અને કહ્યુંઃ "આ તમારાં વસ્ત્રો અને આ તમારો ઉપાશ્રય," અને પોતે અવધૂત વેશે નીકળી ગયા. પછી અવધૂત તરીકે જ જીવ્યા. તેમને પારમાર્થીક સત્યનો આવિષ્કાર થયો.
બીજો પ્રસંગ શંકરાચાર્યનોઃ
શંકર ગંગાસ્નાન કરી પાછા ફરતાં હતાં. માર્ગમાં એક પારધી ચાર શિકારી કૂતરાઓ સાથે સામો આવતો હતો. રસ્તો સાંકડો હતો. શંકરને થયું કે મારાથી શુદ્ર જાતિના આ પારધીને સ્પર્શ કેમ થાય? એટલે એમણે તેને આઘા ખસવા કહ્યું.
પારધીએ કહ્યુંઃ "પંડિતરાજ, તમારા શરીરમાં અને મારાં શરીરમાં જુદો આત્મા વસે છે?"
શંકર સ્તબ્ધ થઈ ગયા. તેમણે કહ્યુંઃ "ભાઈ, તારી વાત સાચી છે. આજથી હું આ સ્પૃશ્ય છે અને આ અસ્પૃશ્ય છે એવી ભેદબુદ્ધિનો ત્યાગ કરું છું."
તેમને આત્મિક સત્યનું પારખું થયું. આદિ શંકરે જ્ઞાતિભેદ રાખ્યો ન હતો.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N. O. G. S . S. No, 0102.**
વિષયઃ- રાખના રમકડા.
શીર્ષકઃ- છણ ભંગુર જીવન.
પ્રકારઃ- ગદ્ય લેખ. શબ્દ સંખ્યાઃ-૨૬૦.
લેખક નું નામઃ- રતીલાલ વાયડા

માનવી જ્યારથી જન્મ ધારણ કરે છે ત્યારથી જ તેનો નાશ થવાનું નક્કી હોતું હોય છે ઈશ્વરે આપેલું આશરે અમુક સમય થતાં તે મૃત્યુ પામે છે.

જીવનના અનેક તબક્કા હોતા હોય છે , યૌવન વૃદ્ધાવસ્થા અને અંતે શરીર થઈ રોગગ્રસ્ત બને છે અને મૃત્યુનો આશરે લે છે. આપણું શરીર પંચ મહાભૂતોનું બનેલું છે અને અંતે તેનો અગ્નિદા કરતા પંચમહાપૂત તત્વ માટે મળી જાય છે અને આમ રાખનું રમકડું ખતમ થઈ જાય છે.

આવું બધું જાણતા હોવા છતાં પણ દરેક માણસ પોતાનું જીવન સુખમય અને આનંદમય વિતે તે એટલા માટે આખા જીવન દરમિયાન તનતોડ પ્રયત્નો કરતા હોય છે .પોતે પોતાના કુટુંબીજનો અને સ્નેહીઓને સારામાં સારી રીતે જીવન જીવી શકે તે માટે તેના ખુશી રાખવા માટેના તમામ પ્રયત્નો સીલ રહે અને જીવનને બને તેટલું આનંદદાય કરવા પ્રયત્ન કરતા હોતા હોય છે

બીમાર જીવન ટકાવવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરીને પણ દવાઓ કરે છે અને છતાં પણ જર્જરી શરીર લાંબો સમય ટકતું નથી અને અંતે રાખ બની જાય છે

માનવી બીમાર થતા અનેક પ્રકારના બચવાના પ્રયત્નો કરે છે મંત્ર, તંત્ર, દવા દારૂ ,દુવાઓ ,પ્રભુ ભક્તિ વગેરે કરીને પણ જીવન ટકાવવાની અને કોશિશ કરે છે પરંતુ આ રામે રચેલો રાખનું રમકડું અંતે રાખ બની અને જીવન પૂર્ણ થાય છે.

જીવન ઈશ્વર આપેલું છે અને તે જ સમય થતાં તેને પાછું લઈ લે છે. આમાં કોઈનું કંઈ ચાલતું નથી માનવી તો અંતે રાખનું રમકડું છે રામ જ્યાં સુધી રમાડે ત્યાં સુધી તેની સાથે રમવાનું છે.

આપણું જીવન સુખી અને સારી રીતે રહે તે માટે દરેક માણસે પ્રયત્ન કરી પોતાનું જીવન બીજાને ઉપયોગી બને તેવી કોશિશ કરવી જોઈએ.

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૨૦ અને ચાંદીમાં રૂ.૬૬ની નરમાઈ: ક્રૂડ તેલમાં રૂ.૪૫ની વૃદ્ધિ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૯૫૮૦.૫૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૫,૧૨૫.૪૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૪૪૫૨.૭૦ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ પર સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨,૬૩૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૬૯૧ અને નીચામાં રૂ.૬૨,૪૫૮ ના મથાળે અથડાઈ, રૂ.૧૨૦ ઘટી રૂ.૬૨,૫૨૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૫૩ ઘટી રૂ.૫૦,૫૯૮ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૫ ઘટી રૂ.૬,૧૬૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૪ ઘટી રૂ.૬૨,૨૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૨,૫૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૬૮૩ અને નીચામાં રૂ.૭૨,૧૨૨ ના મથાળે અથડાઈ, રૂ.૬૬ ઘટી રૂ.૭૨,૨૭૦ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૯૭ ઘટી રૂ.૭૨,૩૧૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૧૮ ઘટી રૂ.૭૨,૩૧૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે તાંબુ જાન્યુઆરી વાયદો રૂ.૭૨૬.૦૦ના ભાવે ખૂલી, રૂ.૨.૨૫ ઘટી રૂ.૭૨૨.૭૦ જ્યારે એલ્યુમિનિયમ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૫ ઘટી રૂ.૨૦૪.૯૫ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ ઘટી રૂ.૨૨૬ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૯૦ ઘટી રૂ.૨૦૫.૨૫ સીસુ-મિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ વધી રૂ.૧૮૨.૬૫ જસત-મિની જાન્યુઆરી વાયદો રૂ.૦.૧૫ ઘટી રૂ.૨૨૫.૭૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૦૫૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૦૯૮ અને નીચામાં રૂ.૬,૦૩૩ ના મથાળે અથડાઈ, રૂ.૪૫ વધી રૂ.૬,૦૭૯ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૪૨ વધી રૂ.૬,૦૮૨ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૩૩ના ભાવે ખૂલી, રૂ.૪.૧૦ ઘટી રૂ.૨૩૧.૮૦ અને નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો ૩.૭ ઘટી ૨૩૨.૧ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે કોટન ખાંડી જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૧૦૦ અને નીચામાં રૂ.૫૬,૦૦૦ ના મથાળે અથડાઈ, રૂ.૬૦ ઘટી રૂ.૫૬,૧૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૯૦ વધી રૂ.૯૨૪.૪૦ બોલાયો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૬,૨૩૭ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૨૩૭ અને નીચામાં ૧૬,૧૬૫ બોલાઈ, ૭૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૬ પોઈન્ટ ઘટી ૧૬,૧૭૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૧૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૪૨.૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૨.૮૦ અને નીચામાં રૂ.૧૪૨.૪૦ ના મથાળે અથડાઈ, રૂ.૨૫.૯૦ વધી રૂ.૧૬૬ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨.૨૫ ખૂલી, ઉપરમાં રૂ.૨૭.૩૫ અને નીચામાં રૂ.૨૧.૮૦ રહી, અંતે રૂ.૫.૭૦ વધી રૂ.૨૬.૮૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૬૨,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૫૫.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૫૭ અને નીચામાં રૂ.૭૫૫ ના મથાળે અથડાઈ, રૂ.૯૩ વધી રૂ.૭૮૫.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૮૫૧ ખૂલી, ઊપરમાં રૂ.૧,૮૯૦ અને નીચામાં રૂ.૧,૮૫૧ રહી, અંતે રૂ.૧૯૩.૫૦ વધી રૂ.૧,૮૮૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૩૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૬ વધી રૂ.૮૦૮.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૮૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૪૬૯.૦૦ના ભાવે ખૂલી, રૂ.૧ વધી રૂ.૪૭૧ થયો હતો. તાંબુ જાન્યુઆરી રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૩૯ વધી રૂ.૪.૮૫

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૦૨૫.૦૦ના ભાવે ખૂલી, રૂ.૪ વધી રૂ.૧,૦૩૪.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૭૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૪,૪૯૩.૫૦ના ભાવે ખૂલી, રૂ.૩૩ ઘટી રૂ.૪,૪૮૧ થયો હતો. તાંબુ જાન્યુઆરી રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ કોઈ ફેરફાર વગર રૂ..૯૩ થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૧૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૩.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૦૬.૪૦ અને નીચામાં રૂ.૧૭૧.૭૦ ના મથાળે અથડાઈ, રૂ.૩૨.૭૦ ઘટી રૂ.૧૮૭.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૩૦ ખૂલી, ઉપરમાં રૂ.૨.૫૫ અને નીચામાં રૂ.૧.૮૦ રહી, અંતે રૂ.૦.૭૦ ઘટી રૂ.૧.૯૫ થયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૬૩,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૧૯૧.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧,૧૯૧ અને નીચામાં રૂ.૧,૧૯૧ ના મથાળે અથડાઈ, રૂ.૧૧૭.૫૦ વધી રૂ.૧,૧૯૧ થયો હતો, જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૦ અને નીચામાં રૂ.૨૫.૫૦ રહી, અંતે રૂ.૧૪ ઘટી રૂ.૩૯ થયો હતો.

## નિર્મળ ગુજરાત ૨.૦ હેઠળ સેક્ટર – ૨૪ શાક માર્કેટ ખાતે સફાઇ અભિયાન કરવામાં આવ્યુ.



ગાંધીનગર.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા “સ્વચ્છ અને નિર્મળ ગાંધીનગર” અભિયાન અંતર્ગત સેનિટેશન ટીમ દ્વારા દ્વારા આજે સેક્ટર-૨૪ શાકમાર્કેટ ખાતે સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યુ. જેમાં સ્વામી વિવેકાનંદ શાળાના વિદ્યાર્થીઓ, સેક્ટર – ૨૪ ગુજરાતી શાળા નં-૨ના વિદ્યાર્થીઓ અને બ્રહ્માકુમારીના સંસ્થાના સહયોગથી સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યુ. આ અભિયાનમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઇ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મ્યુનિસિપલ કમિશનરશ્રી કે. પી. જેઠવા, કાઉન્સીલરર્સ અને સ્થાનિકો પણ જોડાયા હતા.

## લાકડિયા , વાગડ ની ગાયત્રીનગર પ્રા. શાળા રાજ્ય કક્ષાએ વિજ્ઞાન મેળામાં કચ્છ જિલ્લા નું પ્રતિનિધિત્વ કરશે

વાગડ નાં લાકડિયા ગામ ની ગાયત્રી નગર પ્રાથમિક શાળા અનેક વિધ પ્રવૃત્તિઓ માં હમેશાં અવ્વલ નંબરે આવે છે, ત્યારે આ વખતે શિક્ષક શ્રીઓ નાં અથાગ પ્રયત્નો થી શાળા વિજ્ઞાન મેળા માં કચ્છ જિલ્લા નું પ્રતિનિધિત્વ કરશે.

આગામી તારીખ ૬ થી ૯ ડિસેમ્બર ચાપરડા, જૂનાગઢ ખાતે યોજાનાર રાજ્ય કક્ષાના વિજ્ઞાન મેળામાં વાગડ નાં લાકડિયા ની ગાયત્રીનગર પ્રા. શાળા કચ્છ જિલ્લા નું પ્રતિનિધિત્વ કરશે.જેમાં વિભાગ ૧ ની આરોગ્ય માટે સ્વચ્છતા નામની કૃતિ બાળ વૈજ્ઞાનિક પટેલ રિધમ રાકેશભાઈ અને સોની મંત્ર અશોકભાઈ તથા માર્ગદર્શક શિક્ષક પ્રજાપતિ જીતેન્દ્રભાઈ કેશાભાઈ તથા આચાર્ય શ્રી રબારી લાખાભાઈ ના માર્ગદર્શન માં સી. આર.સી ,બી. આર.સી. , જિલ્લા કક્ષાએ અને



ઝોન કક્ષાએ પ્રથમ નંબર મેળવી શાળાએ સિદ્ધિ હાંસલ કરી હતી.ચાપરડા, જૂનાગઢ ખાતે યોજાનાર ૫૧ માં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪ માં સતત પાંચમાં વર્ષે શાળા ભાગ લઈ સમગ્ર રાજ્ય માં ગામ ,તાલુકા અને જિલ્લાનું નામ રોશન કરશે.આ પહેલાં પણ સતત ચાર વર્ષ સુધી શાળા ની કૃતિ રાજ્ય કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધીત્વ કરી ચૂકેલ છે.આ માટે બાળ વૈજ્ઞાનિક તથા માર્ગદર્શક શિક્ષક શ્રી નો શાળા ના આચાર્ય ,શાળા પરિવાર તથા એસ.એમ.સી. સભ્યો તેમજ ગ્રામ જનોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## ચાણસ્માના ખારીઘારીયાલ ગામે પુણ્ય તિથિ નિમિત્તે તિથિ ભોજન તેમજ સ્વછતા અભિયાન યોજાયું.

ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે આજરોજ સ્વ. શારદાબેન હેમચંદભાઇ પટેલ ની પુણ્ય તિથિ નિમિત્તે શાળા ના વિધાર્થીઓ ને તિથી ભોજન આપવામાં આવ્યું હતું. તેમજ ખારીઘારીયાલ પ્રાથમિક શાળા તેમજ હેમચંદભાઇ આશીદાસ પટેલ પરિવાર ના સંયુક્ત ઉપક્રમે ગામની અંદર સાફસફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.



પ્રાપ્ત માહિતી મુજબ ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે આવેલ પ્રાથમિક શાળા ની અંદર આજરોજ ખારીઘારીયાલ ગામના નિવાસી સ્વ. શારદાબેન હેમચંદભાઇ પટેલ ની પુણ્ય તિથિ નિમિત્તે શાળા ના વિધાર્થીઓ ને તિથી ભોજન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળા ના વિધાર્થીઓ તેમજ હેમચંદભાઇ આશીદાસ પટેલ પરિવાર તરફથી મજુરો દ્વારા સમગ્ર ગામની અંદર ખુણે ખુણેથી સમગ્ર કચરો એકઠો કરી ટ્રેક્ટર મારફતે તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. તદુપરાંત નાના વ્રુક્ષ નડતા હોય તેનો પણ નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પુત્ર પટેલ નિતિન ભાઈ, મહેશભાઈ , શૈલેષ ભાઈ જોડાયા હતા. તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય શ્રી પ્રવીણભાઈ પટેલ, રજનીકાંત ભાઈ તેમજ દાતા નિતિનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

નિખિલ જોષી:પાટણ જિલ્લા બ્યુરોચીફ



## સન્માનિત કરાયા.....

આજરોજ પાટણ વાડા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મ સમાજ પાટણ કાર્યાલય ખાતે બેચર સ્વામી મંદિર સમગ્ર ગુજરાત રાવત સમાજ રામજી મંદિર સિધ્ધપુર ના પ્રમુખ ટ્રસ્ટી અને શ્રી પૂર્વ મામલતદાર લાલજીભાઈ મકવાણા નુંસમાજના અગ્રણીઓ એ સાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું. શ્રી લાલજીભાઈ અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ જનાર છે .તે નિમિત્તે તેમને બ્રહ્મ સમાજના શ્રી અશ્વિનભાઈ પંડ્યા પૂર્વ મહામંત્રી શ્રી તથા પ્રેમ શંકરભાઈ ઠાકર કોષાધ્યક્ષ અને વિરેશ ભાઈ વ્યાસ મહામંત્રી અને સમસ્ત બ્રહ્મ સમાજ પાટણ જિલ્લા સહમંત્રી શ્રી નીતિનભાઈ વ્યાસ(દૃ.ર઼) વગેરે સન્માનિત કર્યા ત્યારબાદ શ્રીયુત લાલજીભાઈમકવાણા સાહેબ ગદગદિત થઈ નેબોલી ઉઠ્યા હતા કે સનાતન હિન્દુ ધર્મના વાહક એવા બ્રહ્મ સમાજે મારુ સન્માન કર્યું તે મારા સમગ્ર સમાજનું સન્માન છે અને લાલજીભાઈએ સર્વનો આભાર માન્યો હતો.

## વાઇબ્રન્ટ પહેલા શહેરના બ્યુટીફિકેશન કામગીરી સારૂ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા દબાણો દૂર કરવામાં આવ્યા.



ગાંધીનગરમાં આગામી દિવસોમાં વાઈબ્રન્ટ સમિટ યોજાવાની છે. ત્યારે ગાંધીનગરમાં વાઈબ્રન્ટ પહેલા જ્યાં પણ દબાણો દેખાયા છે તેને હટાવવાની ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત શહેરના બ્યુટીફિકેશન કામગીરી સારૂ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કોર્પોરેશન સમાવિષ્ટ તમામ વિસ્તારોમાં દબાણ હટાવવામાં આવ્યા છે. ખાસ કરીને ફૈં મૂવમેન્ટ વાળા વિસ્તારોમાં દેશ-વિદેશના મહાનુભાવો આવવાના હોય તે રોડ ઉપરના દબાણ જેવા કે ૨૧૩- લારી-ગલ્લા, ૮૮-થાંભલા/થાંભલી, ૭૯-ભૂંગળા, ૬૪૩-હૉર્ડિંગ્સ/બોર્ડ, ૧૦૦-જેટલા છાપરાં, ૭૦-લોખંડની ગ્રીલ, ૧૧-પાણીની પરબ, ૩૩-બાકડા, ૨૪ ટન નાના-મોટા પથ્થરો હટાવવામાં આવ્યા છે.

## ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની રજૂઆતના પગલે બાયડ ખાતે ધોરણ -૧ ૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યું...

" બાયડ ખાતે ૧ ૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર ફાળવતાં, વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિસ્તારના ૩૫૦ થી વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદ છવાયો "... વિસ્તારના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની સતત રજૂઆતના પગલે શિક્ષણ મંત્રી કુબેર ડીંડોર દ્વારા બાયડ શહેરની એન.એચ.શાહ હાઈસ્કૂલ ખાતે ૧ ૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યું... ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની રજૂઆતને ધ્યાનમાં લઈ શિક્ષણ મંત્રી દ્વારા બાયડ ખાતે ૧ ૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવતાં શ્રી બાયડ કેળવણી મંડળના હોદેદારો તેમજ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા લગભગ ૩૫૦ થી વધુ વાલીઓ અને વિદ્યાર્થીઓએ આનંદની લાગણી સાથે ધારાસભ્ય ધવલસિંહ ઝાલાનો આભાર વ્યક્ત કર્યો... ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની રજૂઆતને ધ્યાન પર લઈ શિક્ષણ મંત્રી દ્વારા ગણતરીના દિવસોમાં બાયડ ખાતે ધોરણ - ૧ ૨ વિજ્ઞાન પ્રવાહનું કેન્દ્ર ફાળવવામાં આવતાં ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરનો આભાર વ્યક્ત કર્યો...

## ડાંગમાં આવેલ સુબીર ખાતે ઈ ધારા કેન્દ્ર નો કમાલ કોઈના ધ્યાનમાં આવશે કે પછી.....?

ડાંગ માં આવેલ સુબીર ખાતે ઈ ધારા કેન્દ્ર નો કમાલ કોઈના ધ્યાનમાં આવશે કે પછી.....? ઈ ધારામાં નોંધણી ના રૂપિયા લેવામાં આવે છે મામલતદાર સાહેબ ધ્યાનમાં લેવામાં આવશે કે લોક ચર્ચા થઇ રહી છેડાંગ જિલ્લા માં આવેલ સુબીર પંથકમાં ઈ ધારા કેન્દ્રમાં નોંધણીના રૂપિયા લેવામાં આવી છે એવું લોક ચર્ચા થઇ રહી છે તો મામલતદાર સાહેબ જરાક ધ્યાન આપે તો સારું લોકોમાં ચર્ચા થઇ રહી છે કે ઈ ધારા કેન્દ્રમાં રૂપિયા લઈ ને કામ કરવામાં આવી રહ્યું છે લોક ચર્ચા ત્યારે જ થાય કે કાંઈક



તો ચાલતું હશે લોક ચર્ચા જયારે જોર પકડે ત્યારે કંઈક છે એ ચોક્કસ છે જ હવે જોવાનું રહ્યું કે મામલતદાર સાહેબ ના ધ્યાનમાં આવશે કે પછી મૂંગા મોઢે જોયા જ કરશે એ પણ તપાસ નો વિષય છેડાંગના લોકો ગરીબ છે એ પણ ધ્યાનમાં આવવું જોઈએ કે ગરીબની હાય શુ કામ લઈએ પણ જ્યાં રૂપિયો મળતો હોય તો સુ ખરું ને....?જો હવે પછી ધ્યાનમાં આવશે તો ઉપલી કચેરીએ જાણ કરવી પડશે એવું લોક ચર્ચા થઇ રહી છે

## સુબિર મામલતદાર કચેરી ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીની અધ્યક્ષતામા યોજાયો કેશ ક્રેડીટ કેમ્પ



આહવા:

ડાંગ જિલ્લાના એસ્પીરેશનલ તાલુકા સુબીરમા, મામલતદાર કચેરી ખાતે ડાંગ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી એસ.જી.તબિયારના અધ્યક્ષ સ્થાને કેશ ક્રેડીટ કેમ્પ યોજવામા આવ્યો હતો. સુબિર ખાતે યોજાયેલ આ કેશ ક્રેડીટ કેમ્પમાં કુલ ૮૬ જૂથોને રૂ.૧૨૯ લાખ કેશ ક્રેડીટ ધિરાણ આપવામા આવ્યુ હતુ. તેમજ કેશ ક્રેડીટ કેમ્પમાં સ્ટેજ તેમજ પેટા સ્ટેજ પર લોન કેશ ચેકોનુ વિતરણ પણ કરવામા આવ્યુ હતુ.કેશ ક્રેડીટ અંતર્ગત સારી કામગીરી કરનાર બે કલસ્ટર કો ઓર્ડીનેટર તથા એક બેંન્ક સખીને કેમ્પ દરમિયાન પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામા આવી હતી. આ ઉપરાંત પશુપાલન વિભાગમાંથી જુથની કુલ ૧૬ બહેનોને ગાય ખરીદી યોજના અંતર્ગત રૂ.૨૫,૦૦૦ ની સહાયના મંજુરી આદેશ એનાયત કરવામા આવ્યા હતા. આ કેમ્પમા સુબિર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ શ્રી રઘુનાથ સાવળે, જીએલપીસીના જનરલ મેનેજરશ્રી ઓમદેવસિંહ ચુડાસમા, લીડ બેંન્ક મેનેજર શ્રી સજલ મેહ્રા, બેંન્ક મેનેજરશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારી શ્રીમતી પુનમ ડામોર ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસીએમ શ્રીરામ લિમિટેડે વર્ષ ૨૦૨૮ સુધીમાં રૂ. ૧૨,૦૦૦ના રોકાણ માટે ગુજરાત સરકાર સાથે એમઓયુ ઉપર હસ્તાક્ષર કર્યા

નવી દિલ્હી, ૦૪ જાન્યુઆરી, ૨૦૨૪: ભારતમાં બીજા ક્રમના સૌથી મોટા ક્લોર આલ્કલી ઉત્પાદક ડીસીએમ શ્રીરામ લિમિટેડે વર્ષ ૨૦૨૮ સુધીમાં ભરૂચમાં કેમિકલ અને પેટ્રોકેમિકલ્સ પ્રોડક્ટ્સના ઉત્પાદન માટે સૂચિત રૂ. ૧૨,૦૦૦ કરોડનું રોકાણ કરવા માટે ગુજરાત સરકાર સાથે સમજૂતી કરાર (એમઓયુ) ઉપર હસ્તાક્ષર કર્યાં છે.

ગુજરાતના ગાંધીનગરમાં ૦૩ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સમારોહમાં માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને બીજા મંત્રીઓ તથા રાજય સરકારના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં એમઓયુ ઉપર હસ્તાક્ષર કરાયા હતાં. આ સમારોહ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ ૨૦૨૪નો એક ભાગ હતો, જે ગુજરાતમાં ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં ૧૦-૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન યોજાશે.ડીસીએમ શ્રીરામ હાલમાં ગુજરાતના ભરૂચમાં મહત્વપૂર્ણ ક્લોર આલ્કલી સુવિધા ધરાવે છે તથા તેના ક્લોર-આલ્કલી પોર્ટફોલિયોમાં નવી પ્રોડક્ટ્સના ઉમેરા સાથે તેની વર્તમાન ક્ષમતામાં વધારો કરવાની યોજના ધરાવે છે.ડીસીએમ શ્રીરામનો વર્તમાન બિઝનેસ પોર્ટફોલિયો ક્લોર-વિનાઇલ



બિઝનેસ - (કોસ્ટિક સોડા, ક્લોરિન, એલ્યુમિનિયમ ક્લોરાઇડ, કેલ્શિયમ કાર્બાઇડ, પીવીસી રેઝિન, પીવીસી કમ્પાઉન્ડ્સ, પાવર અને સિમેન્ટ), એગ્રી-રૂરલ બિઝનેસ (યુરિયા, ખાંડ, ઈથેનોલ, ફાર્મ સોલ્યુશન બિઝનેસ કે જે ઈનપુટ્સની સમગ્ર શ્રેણીને આવરી લે છે, આર એન્ડ ડી આધારિત હાઇબ્રિડ સીડ્સ.) અને મૂલ્ય વર્ધિત વ્યવસાય - ફેનેસ્ટા બિલ્ડીગ સિસ્ટમ્સ જે યુપીવીસી અને એલ્યુમિનિયમ વિન્ડોઝ અને દરવાજા બનાવે છે, વગેરે સહિતના અનેક ક્ષેત્રોમાં ફેલાયેલો છે.

## નવા વર્ષે સદગુરુના આશીર્વાદ પ્રાપ્ત કરવા ઉમટેલા શ્રદ્ધાળુ ભક્તો

સુરત, ૨ જાન્યુઆરી, ૨૦૨૪:- "પ્રેમ એ સ્વીકારવા નો સોદો છે નઈ કે અવગણવા નો" જ્યારે આપણને આવો અનુભવ થઈ જાય છે ત્યારે તમામ બંધનોમાંથી મુક્ત થઈ ભક્તિના માર્ગ પર આગળ વધી શકીએ છીએ.

આ ઉદ્ગાર નિરંકારી સદગુરુ માતા સુદીક્ષાજી મહારાજે નવા વર્ષના પાવન અવસર પર આયોજિત વિશેષ સત્સંગ સમારોહમાં ઉપસ્થિત હજારો ભક્તોને સંબોધિત કરતા વ્યક્ત કર્યું. વર્ષ ૨૦૨૪ના શુભારંભ પર આયોજિત વિશેષ સત્સંગનો લાભ પ્રાપ્ત કરવા માટે હજારો ભક્તોએ ભાગ લીધો અને સદગુરુના દિવ્ય દર્શન અને પવિત્ર પ્રવચનોથી પોતાને લાભાન્વિત કર્યા હતા.

આ અવસરે નિરંકારી રાજપિતા રમિતજીએ સાધસંગતને સંબોધિત કરતા કહ્યું હતું કે નિરાકાર પરમાત્મા ઉપર આપણી આસ્થા અને શ્રદ્ધા અન્આય કોઈના કહેવાથી નહી પરંતુ આપણા અંગત આધ્યાત્મિક અનુભવ પર આધારિત હોવી જોઈએ.સદગુરૂ દ્વારા પ્રાપ્ત બ્રહ્મજ્ઞાનની દષ્ટિએ પરમાત્માનાં અંગ સંગ દર્શન કરીને ભક્તિ કરવી જ ઉત્તમ છે. સદગુરુ દરેકને સમાનરૂપે બ્રહ્મજ્ઞાન પ્રદાન કરીને જીવનમાં મુક્તિનો માર્ગ સુલભ



પ્રેમ એ સ્વીકારવા નો સોદો છે નઈ કે અવગણવા નો.: નિરંકારી સદગુરુ માતા સુદીક્ષાજી મહારાજ

કરી રહ્યા છીએ અને આપણે આપણા અનુભવ,.આપણી સાચી લગની દ્વારા જ પ્રાપ્ત કરી શકીએ છીએ.

સદગુરુ માતા જીએ નવા વર્ષ નિમિત્તે તેમના પાવન આશીર્વાદ આપતા સમજાવ્યું કે ઘણીવાર આપણે આપણા વ્યવહારિક જીવનના સીમિત વર્તુળમાં સંકીર્ણ અને ભેદભાવ પૂર્ણ વ્યવહાર અપનાવીએ છીએ. આ પ્રભાવથી ઉપર ઊઠી જીવન ત્યારે જીવી શકાય છે જ્યારે આપણે બ્રહ્મજ્ઞાનને આધાર બનાવી બધામાં એક પરમાત્માના રૂપને જોઈશું. આપણે આપણી વિચારસરણીને વિશાળ કરી કેવળ પ્રેમની લાગણી સાથે જીવન જીવવાનું છે; ત્યારે જ તંગદિલીનો ભાવ મનમાંથી સમાપ્ત થઈ શકે છે. પ્રેમના ભાવનો ઉલ્લેખ કરતા તેમના પ્રવચનો માં સદગુરુ માતા જીએ કહ્યું કે જ્યારે આપણે આ વિશાળ પરમાત્મા સાથે જોડાઈએ છીએ ત્યારે કોઈ બંધન શેષ રહેતું નથી. આ બેરંગી પરમાત્માના રંગ સાથે જોડાવાથી ભક્તિનો એવો પાક્કો રંગ આપણા પર ચઢી જાય છે આપણી ભક્તિ મજબૂત બનતી જાય છે પરંતુ ખોટી માન્યતાના કારણે આપણે આ સત્યને ભૂલી જઈએ છીએ અને પોતાની વિચારધારાથી જ બીજાને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરીએ છીએ. આપણે બ્રહ્મજ્ઞાન રૂપી ચેતનતાથી જ બધા કાર્ય કરવાના છે. દરેકના માટે મનમાં પ્રેમ ભાવ સાથે ભક્તિ ભર્યું જીવન જીવવાનું છે અંતમાં સદગુરુ માતા જીએ નવા વર્ષના અવસર પર બધા માટે શુભકામના કરતા આશીર્વાદ આપ્યા કે આ નવા વર્ષમાં આપણું બધાનું જીવન સેવા, સુમિરણ અને સત્સંગથી સજાવીએ. નવા વર્ષ નિમિત્તે સદગુરુના આ અનમોલ વચન વાસ્તવિકતામાં સમગ્ર માનવતા માટે એક વરદાન છે. તેમ સંત નિરંકારી મંડળ ગાંધીનગર થી કનૈયાલાલ દેવાણી ની યાદી માં જણાવ્યું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.